# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


==============================================================

**અખબારી યાદી** **૩૦-૧૧-૨૦૨૪**

- ✓ **રાજ્ય સરકારે સજીવ ખેતીની ભલામણની અપિલ એ માત્ર મુદ્દો છે સરકારની મુરાદ નહી.**
- ✓ **મહામહિમ રાજયપાલ કૃષિ વૈજ્ઞાનિકની માફક ખેડુતોને સજીવ ખેતી અપનાવવા ભલામણ કરે છે,પરંતુ ખેડુતોની પીડા પણ સમજવાનો પ્રયાસ થાય.**
- ✓ **સજીવ ખેતી અપનાવવાની અપિલ કરતા પહેલા રાજ્ય સરકાર ખેડુતોને પાણી-વિજળી-પાક સુરક્ષા-ઈનપુટ્સ GST જેવા પ્રાણ પ્રશ્નોથી મુક્તિ અપાવે.**
- ✓ **૨૫ વર્ષથી કૃષિ વૈજ્ઞાનિકો રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના અતિરેક વપરાશની ચિંતા અને સજીવ ખેતી ઉપર ભાર મુકવાની ભલામણ કરતા હતા, પરંતુ રાજ્ય સરકાર ૨૫ વર્ષ ઉંઘતી રહી.**
- ✓ **રાજય સરકાર સજીવ ખેતીની અમલવારી માટે ગંભીર હોય તો દરેક ખેડુતોને પ્રતિ હેકટર પ્રતિ વર્ષ ૧૫૦૦૦ રુપિયા જમા કરવાનો નિર્ણય કરે.**

રાજ્ય સરકાર છેલ્લા થોડા સમયથી ખેડુતોને સજીવ ખેતી અપનાવવા માટે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના વપરાશથી કેન્સરનુ પ્રમાણ વધ્યુ છે અને જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. તેવા ભય સ્થાનો દેખાડીને સજીવ ખેતી અપનાવવા અપિલ કરી રહી છે. અહિયા મારો મત સ્પષ્ટ છેન કે સજીવ ખેતી સજીવ સૃષ્ટી માટે અનિવાર્ય છે અને હુ તેનો હિમાયતી છુ.

પણ સજીવ ખેતી અપનાવવા રાજ્ય સરકારના આગ્રહમા તેની મેલી મુરાદ છે, રાજયમા ૨૭ વર્ષથી વધુ સમયથી ભાજપા સરકાર શાસન કરે છે અને રાતો રાત કેન્સર અને જમીનની ફળદ્રુપતાની ચિંતા કેમ ? અને આ ગંભીર મુદ્દાને લઈને છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાત કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સરકારને ગંભીર ચેતવણી રિપોર્ટ આપી રહ્યા છે, પરંતુ સરકારે આ રીપોર્ટ બાબતે કોઈ ધ્યાન ન આપ્યુ.

એક સમય હતો દેશની આઝાદી સમયે ખેતી ઉત્પાદન નહીવત હતુ અને ભારત અન્ન બાબતે દુનિયા દેશઓ ઉપર નિર્ભર હતો, આ કારણ માટે અન્નમા આત્મનિર્ભર થવુ એ અનિવાર્ય હતુ તેના માટે ખેતીને સઘન અને સદ્ધર બનાવવા માટે રાસાયણિક ખાતરના કારખાના સ્થાપવામા આવ્યા અને તેના કારણે દેશમા ખેતી ઉત્પાદન વધ્યુ અને આપણે અન્નમા આત્મનિર્ભર બન્યા આમ દેશમા હરિત ક્રાંતિ આવી.

પરંતુ આધુનિક ખેતી પદ્ધતિની સાથે જો ખેતીમા ખેતી સામગ્રીનો અતિરેક કરીએ તો તે ફાયદાને બદલે નુકશાનમા લઈ જાય છે, આમ અનેક ખેડુતો વધુ ઉત્પાદન મેળવવાની ધારણાએ ભલામણ કરતા વધુ રાસાયણીક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ કરવા લાગ્યા અને સમય જતા તેની આડ અસરો ખેતીની જમીન ઉપર અને માનવ જીવનમા દેખાવા લાગી. અને તે સમયે જ રાજયમા ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ જાગૃત બની ગઈ હતી અને તેને આ દિશામા ચિંતા વ્યકત કરતા અનેક સંશોધનોના પ્રમાણ રાજ્ય સરકાર સામે મુક્યા હતા.

પરંતુ ભાજપા સરકારે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાના વપરાશના અતિરેકને રોકવા માટેની કૃષિ વૈજ્ઞાનિકોની ભલામણને ૨૭ વર્ષ સુધી અવગણી તેનો ભોગ આજે જનતા બની રહી છે, અને તેના આ ગંભીર પરિણામોની

અસર સજીવ સૃષ્ટી ઉપર દેખાય છે આમ દિશા વગર દોડતી સરકારે ખુબ લાંબાગાળાનુ નુકશાન સૌને કર્યુ તેમ ખેતીને પણ કર્યુ છે.

આજની હકીકત એ છે કે રાજ્યના ૮૭ % ખેડુતો ટુંકી જમીન ધરાવે છે અને ખેડૂત પોતાની હયાત ખેતી પદ્ધતિમા નફાનો વિકલ્પ પહેલા શોધે છે, અને બહેતર વિકલ્પ નજરે ન નિહાળે તે પહેલા સહજરીતે સ્વીકારતો નથી, ખેડુતોની આ સમજને કારણે પુર્વ કોંગ્રેસની સરકારોએ ગુજરાત કૃષિ યુનિ. સ્થાપી,તેના ચાર ઝોનમા ચાર કેમ્પસ ઉભા કર્યા, તેની નીચે સંશોધન કેન્દ્રો અને દરેક તાલુકે એક ટ્રાયલ કમ ડેમોસ્ટ્રેશન ફાર્મ, (TCD) ઉભા કર્યા હતા, તેમા કૃષિ વૈજ્ઞાનિકોની દેખરેખ નીચે આધુનિક ખેતી પદ્ધતિ કે બીયારણની સુધારેલી જાતોનુ સંશોધન અને તેના અખતરાઓ લેવાતા તે ખેડુતો નજરે જોઈને પોતાની ખેતીમા ભલામણ મુજબ તેનો અમલ કરતા હતા.

આજે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ખુદ સરકાર જ સજીવ ખેતી માટે સ્પષ્ટ નથી, ૨૫ વર્ષે ભાજપા સરકાર રાજ્યના ખેડુતોને હયાત ખેતીમા પાણી,વિજળી અને પાક સુરક્ષાના પ્રશ્નથી બહાર કાઢી શકી નથી,અને અપિલ કરે છે “ખેડુતો સજીવ ખેતી અપનાવે”, આજની કૃષિ યુનિ પાસે ખેડુતને નવુ દેખાડવા જેવુ કશુ છે નહી અને દરેક તાલુકે જે ટ્રાયલ કમ ડેમોસ્ટ્રેશન ફાર્મ (TCD) હતા તે સરકારે વેચી માર્યા છે એટલે ખેડુતોને સરકાર ઉપર ભરોસો નથી એને કારણે ખેડુતો પોતાની ટુંકી જમીનમા કોઇ અખતરા કરવા માંગતા નથી. છતા રાજ્ય સરકારને સજીવ સૃષ્ટીની ચિંતા હોય તો દરેક ખેડુતોને પ્રતિ હેકટર પ્રતિ વર્ષ ૧૫૦૦૦ રુપિયા જમા કરો.

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**